

ગાંધીનગર શહેરના સે. ૧૭માં સ્થિત મધ્યસ્થ ગ્રંથાલયની બિલ્ડીંગમાં શરૂ કરવામાં આવેલી કેન્ટીનને એક માસ થઈ ગયો હોવા છતાં હજુ સુધી પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી ન હોવાથી કેન્ટીનમાં આવતા લોકોએ ના છુટકે પાણીની બોટલ કરીદવાનો વારો આવ્યો છે. અથવા નાસ્તો કર્યા બાદ લાયબ્રેરીમાં પાણી પીવા જવું પડે છે તેવી વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. ઉલ્લેખનીય છે કે લાયબ્રેરીમાં લગાવાયેલું વોટર પ્યોરીફાયર પણ ઘણા સમયથી બંધ હાલતમાં હોવાથી શુદ્ધ થયા વિનાનું પાણી લાયબ્રેરીમાં વાંચન કરવા આવતા વિદ્યાર્થીઓએ પીવું પડે છે.

કલોલ બારોટ સમાજ દ્વારા દીકરી મારી દિલનો દરિયો મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સમસ્ત કલોલ વતની બારોટ સમાજ દ્વારા તા. ૨૪ અને ૨૫મી નવેમ્બર-૨૦૧૨ દરમિયાન દીકરી મારી દિલનો દરિયો મહોત્સવ યોજવામાં આવશે. આ પ્રસંગે સમાજની બહેન-દીકરીઓને સન્માનીત કરવામાં આવશે અને નવચંડી યજ્ઞ યોજવામાં આવશે.

દીકરી મારી દિલનો દરિયો મહોત્સવ નિમિત્તે તા. ૨૪મી નવેમ્બરે જાણીતા કલાકાર અશ્વિનભાઈ જોષીની વ્યાસપીઠે 'દીકરી તો વ્હાલનો દરિયા' અંતર્ગત ડાયરો રાત્રે ૮.૩૦ કલાકે એન.કે. ચોક કલોલ ખાતે યોજાશે. આ પ્રસંગે પ્રમુખ સ્થાને પ.પૂ. પૂર્ણાનંદ સ્વામી આશીર્વચન પાઠવશે. તથા પ્રમુખ સ્થાને જે.બી. રાવ અને મુખ્ય મહેમાન તરીકે ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટ, હર્ષદભાઈ બ્રહ્મભટ્ટ ખાસ હાજરી આપશે. સવારે ૯ કલાકે નવચંડી યજ્ઞ પણ યોજાશે. તા. ૨૫મી નવેમ્બરે ગણેશ પાર્ટી પ્લોટ મહેન્દ્ર મીલ સામે, કલોલ ખાતે બપોરે ૩.૩૦ કલાકે ધ.ધૂ.પ.પૂ. ૧૦૮ સ્વામી રામાનુજાચાર્ય આશીર્વચન પાઠવી દીકરીઓનું મુખ્ય મહેમાન બી.ડી. રાવ, પ્રમુખ સ્થાન કે.એમ. બારોટ અને અતિથિ વિશેષ રાવજીભાઈ બારોટ સાથે સન્માન કરશે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ત્રણ દિવસનો સાયન્સ ટેલેન્ટ વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ત્રણ દિવસનો સાયન્સ ટેલેન્ટ વર્કશોપ યોજાશે. દર વર્ષની જેમ યોજાતા સાયન્સ વર્કશોપમાં ૧૦ થી ૧૬ વર્ષ સુધીના બાળકો માટે વિવિધ જ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવશે તથા ભૌમિતિક આકારના ત્રિપરિમાણીય મોડેલ બનાવવા શીખવવામાં આવશે.

સાયન્સ ટેલેન્ટ વર્કશોપનું આયોજન તા. ૨૨મી નવેમ્બરથી ૨૩મી નવેમ્બર સુધી કરવામાં આવ્યું છે. સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન વિદ્યાર્થીઓને રસ તથા રૂચિ વધે તેવા જ્ઞાન સાથે ગમ્મતના કાર્યક્રમો યોજવામાં આવશે. નિસર્ગ સાયન્સ સેન્ટર, બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, લગ્નવાડી પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાનાર સાયન્સ ટેલેન્ટ વર્કશોપમાં શિબિરાર્થીઓને મોડેલ રોકેટરી, એરોમોડેલીંગ, મેચસ્ટીકનાં મોડેલ બનાવવા તેમજ ભૌમિતિક આકારોનાં ત્રિપરિમાણીય મોડેલ બનાવવા શીખવવામાં આવશે. આ વર્કશોપમાં મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલાસર રજીસ્ટ્રેશન કરાવી લેવું. આ અંગેની વધુ માહિતી ફોન નં. ૨૩૨-૩૫૨૧૫ અથવા મો. નં. ૯૪૨૬૪૫૧૧૦૨, મો. નં. ૯૮૨૪૨૬૦૬૭૭ ઉપર સંપર્ક કરવાથી મળી શકશે.

ગાંધીનગર દત્ત મંદિરે ૨૨મીએ શ્રી રંગ અવધૂત જન્મ જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૧

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગરના પ્રમુખ નવનીતભાઈ પાઠકે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, કારતક સુદ નોમને ૨૨મી નવેમ્બરે પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજની ૧૧૫મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગરના સેકટર-૨૮ ત્રિમૂર્તિ દત્ત મંદિરે પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજની પાદુકાનું પૂજન સાંજે ૫ કલાકે રાખવામાં આવ્યું છે. ત્રિમૂર્તિ દત્તમંદિરે પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજના જન્મ જયંતિ પ્રસંગે ગાંધીનગર શહેરના નગરજનો ખાસ ઉપસ્થિત રહેશે. પાદુકાને સ્પર્શ કરવા માંગતા ભાઈ બહેનોએ આ પ્રસંગે ધોળી સાડી પહેરવી ફરજીયાત છે તેમ આયોજકોએ જણાવ્યું છે.

મોટર સાયકલના નંબરોની નવી સીરીઝ ૨૩ નવે.થી શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૧

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી ગાંધીનગરમાં મોટર સાયકલના નંબરો માટેની હાલની ચાલુ સીરીઝ જીજે-૧૮-સી.બી. છે. તદ્ઉપરાંત નવી સીરીઝ 'જીજે-૧૮-સીસી' તા. ૨૩ નવેમ્બર-૨૦૧૨થી શરૂ કરવામાં આવશે. જેમાં પસંદગીના નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને તેમની પસંદગીનો નંબર મેળવવા તા. ૨૧ થી ૨૨ નવેમ્બર-૨૦૧૨ સુધીમાં આર.ટી.ઓ. કચેરીમાં અરજી કરવાની રહેશે તેમ વાહનવ્યવહાર અધિકારીએ જણાવ્યું છે.

સે-૪ ઓમકારેશ્વર મંદિરેથી રાજપરા ભાવનગર પદયાત્રા સંઘ નિકળશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સેક્ટર-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિરથી રાજપરા ભાવનગર પદયાત્રા સંઘ તા. ૨૨મીને મંગળવારના રોજ સવારે ૭.૧૫ કલાકે આરતી કરી ધજાની પૂજા વિધિ કરી સંઘ પ્રયાણ કરશે. આ સંઘ તા. ૨૮મીને બુધવારના રોજ ભાવનગર રાજપરા ખોડિયાર ધામ પહોંચશે. રાજપરા પદ યાત્રામાં જોડાવા માટે યાત્રિક દીઠ રૂ. ૫૦૧ ફાળો રાખેલ છે. ખોડિયાર માતાના દર્શનાર્થે આવવા ઈચ્છુક પદયાત્રીકોને સંઘ પરિવાર તરફથી આમંત્રણ પાઠવવામાં આવે છે.

ચારણ-ગઢવી સમાજનું સ્નેહમિલન ૨૫મીએ

ગાંધીનગર, તા. ૨૦

અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ દ્વારા નવા વર્ષનો સ્નેહમિલન તથા તેજસ્વી તારલાઓનું સન્માન કરવાનો કાર્યક્રમ તા. ૨૫મી નવેમ્બરે સાંજે સાડા ચાર વાગે ડૉ. આંબેડકર હૉલ, સેકટર-૧૨, ગાંધીનગરમાં યોજાનાર છે.

તેજસ્વી તારલાઓની માહિતી તા. ૨૨મી નવેમ્બર સુધીમાં મહેશદાન ગઢવી, દીપકભાઈ વણસૂર, અજીતદાન ગઢવીને પહોંચાડવી.

અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ ગાંધીનગરનાં ઉપપ્રમુખ નરહરદાન ગઢવીએ જણાવેલ છે.

કલોલમાં નજીવી બાબતે તકરાર એકને જાનથી મારી નાંખવાની ધમકી

ગાંધીનગર, તા. ૨૧

કલોલ ત્રિકમનગર વિસ્તારમાં નજીવી બાબતે તકરાર થતાં ચાર ઈસમોએ ભેગા મળી એક વ્યક્તિને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરિયાદ કલોલ પોલીસમથકે નોંધાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કલોલ રેલવે પૂર્વના ત્રિકમનગર વિસ્તારમાં રહેતા અમરતભાઈ માનાભાઈ ઘરડાની સાથે કરશન હીરા બોરીસા, ચંદુ હીરા, મહેશ ચંદુ, તેમજ કમુબેન ચંદુભાઈ રસ્તામાંથી અવર-જવર કરવાના મામલે તકરાર કરી હતી. આ દરમ્યાન ચારેય આરોપીઓએ ઉશ્કેરાટમાં આવી અમરતભાઈને લોખંડની પાઈપ મારી દીધી હતી. આરોપીઓએ તેમને ગાળો બોલી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે કલોલ શહેર પોલીસમથકે ફરિયાદ નોંધાતા હેડ કોન્સ્ટેબલ કરમસિંહ બાબરબાઈએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડુંગરી ગરાસીયા સેવા સમાજનો નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

નૂતન વર્ષ નિમિત્તે શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા સમાજનો સ્નેહ મિલન સમારંભ તા. ૨૫મી નવેમ્બર-૨૦૧૨ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે નગરપાલિકા પરિષદ ભવન, બહુમાળી ભવનની પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે યોજાશે. ડુંગરી ગરાસીયા સમાજના પ્રમુખ કે. આર. ડામોર દ્વારા સમાજના સૌ સભ્યોને સહપરિવાર પધારવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

પ્રજ્ઞા પરિવારનું સ્નેહમિલન ૨૫મીએ

ગાંધીનગર, તા. ૨૧

સમસ્ત પ્રજ્ઞા પરિવાર અભ્યુદય ટ્રસ્ટ ગાંધીનગરના ઉપક્રમે નૂતન વર્ષાનો સ્નેહમિલન તા. ૨૫મી નવેમ્બરે સાંજે ચાર વાગે ટાઉનહોલની સામેની લૉન ખાતે કાર્યક્રમ રાખેલ છે. ગાંધીનગરના ટ્રસ્ટી રવિન્દ્રભાઈ મહેતાએ જણાવેલ છે.

હઝરત શહીદ હસુદાદાનો ૨૩મીએ ઉર્સ પ્રસંગ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર તાલુકાના છાલા ગામે હઝરત શહીદ હસુદાદાના ઉર્સ પ્રસંગે તા.૨૩મી નવેમ્બર ૨૦૧૨ને શુક્રવારે ઈશાની નમાઝ બાદ રાત્રે ૧૦ કલાકે મોલાના હઝરત કારી ઈસમાઈલ અશરફી મીરા-બોરસદવાળા-નુરાની વાયઝ ફરમાવશે. આ પ્રસંગે હાફીઝ હઝનરઝાક અશરફી (ભાવનગરવાળા) નાત શરીફ ઝિકર સાથે પેશ કરશે અને પીરે તરીકત મોલાના મુફતી હાજી સૈયદ કમરૂદ્દીન અશરફી ખાસ ઉપસ્થિત રહેશે. એમ છાલાના મોલાના અહેમદમીયા અશરફી, મોહમંદ હનીફ અશરફી, ગુલામ રસુલ અશરફીએ જણાવ્યું છે.

મસ્જીદ નજીક રહેતી યુવતી પર મૌલવીએ બળાત્કાર ગુજાર્યો

માતા-પિતાને જેલમાં પુરાવી દેવાની ધમકી આપીને યુવતીને ઘરેથી ઉઠાવી જઈ ઉદેપુર, અજમેર અને લખનૌ લઈ જઈ અવાર નવાર મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો!!!

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ નજીક આવેલા કડાદરા ગામમાં ભારે ચકચારી ઘટના બનવા પામી છે. મસ્જીદ નજીક રહેતી એક યુવતી પર નજર બગાડી સંબંધ બાંધવા માટે ધમકી આપનાર મસ્જીદના મૌલવીને થોડા સમય અગાઉ કાઢી મુકવામાં આવ્યો હતો. આ મૌલવીએ ઘર આંગણે મરી જઈશ ને તમને બધાને જેલ ભેગા કરાવી દઈશ તેવી ધમકી આપીને યુવતીને પખવાડીયા અગાઉ ઘર આંગણેથી ઉપાડી ઉદેપુર, અજમેર તથા લખનૌ લઈ જઈ અવારનવાર મરજી વિરુધ્ધ તે યુવતી પર બળાત્કાર ગુજાર્યો હોવાની દહેગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે તેના વિરૂધ્ધમાં યુવતીની ફરિયાદને આધારે બળાત્કારનો ગુનો દાખલ કરી સઘન તપાસ આરંભી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ દહેગામના કડાદરા ગામમાં સ્થિત હુસેની મસ્જીદમાં અબ્દુલ રહીમ દાદુસા દિવાન મૌલવી તરીકે સેવા આપતો હતો. મસ્જીદ નજીક રહેતી ૨૦ વર્ષની એક યુવતી પર મૌલવીની નજર બગડી હતી. થોડા દિવસો અગાઉ મૌલવીએ યુવતીને બોલાવીને કહ્યું કે મારી સાથે સંબંધ બાંધ, નહીંતર તારા મા-બાપને જેલમાં પુરાવી દઈશ. આ ધમકી અંગે યુવતીએ તેણીના પરિવારજનોને કહી દીધું હતું. જેને પગલે અબ્દુલ રહીમને ત્યાંથી કાઢી મુકવામાં આવ્યો હતો. દરમિયાન ગઈ ૩જી નવેમ્બરના રોજ અબ્દુલ રહીમે તે યુવતીને રાત્રે ૧૦ વાગે કોલ કર્યો અને ફરી વાર ધમકી આપી કે હું તારા ઘર આંગણે જ ચિઠ્ઠી લખીને મરી જઈશ અને બધાને જેલમાં પુરાવી દઈશ. યુવતી ડરી જઈને ધમકીને વશ થઈ ગઈ અને કહ્યું કે ઘરે આવી જાય. રાત્રે ૧૨.૩૦ વાગે મૌલવી યુવતીના ઘરની બહાર બાઈક પર આવી ગયો અને બાઈક પાછળ બેસાડીને તેણીને અમદાવાદ લઈ ગયો ત્યાંથી લકઝરીમાં ઉદેપુર, અજમેર અને લખનૌ લઈ ગયો હતો. ૧૫ દિવસ સુધી યુવતીને વિવિધ સ્થળે લઈ જઈને મરજી વિરૂધ્ધ અવાર નવાર શરીર સંબંધો બાંધ્યા હતાં. ૧૭મી નવેમ્બરે અબ્દુલ રહીમ તેણીને મુકીને ભાગી ગયો હતો. ઘરે પિતાએ તેણીને આટલા દિવસ કયાં હતી તેમ પુછયું ત્યારે તેણીએ તમામ હકીકત કહી દીધી હતી. આ સંદર્ભે યુવતીની ફરિયાદને આધારે દહેગામ પોલીસે અબ્દુલ રહીમ નામના શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

વિધાનસભામાં મુકેલા સ્વાતંત્ર્ય સેનાનીઓનાં તૈલ ચિત્રોને જન્મ જયંતિએ પુષ્પાંજલિ અર્પાશે

ગણેશ વાસુદેવ માવળંકરની ૨૭મીએ, ઠક્કરબાપાની ૨૯મીએ અને ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ૩જી ડીસેમ્બરે જન્મ જયંતિ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત વિધાનસભા સચિવાલયના સચિવ ડી.એમ. પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાતની ભાવિ પેઢી માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની રહેનાર રાષ્ટ્રના મહાનુભાવો અને આઝાદીની ચળવળના સ્વાતંત્ર્ય સેનાનીઓના તૈલ ચિત્રો વિધાનસભા બિલ્ડીંગમાં મુકવામાં આવ્યા છે. આ મહાનુભાવોને તેમના જન્મ દિવસ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. 'માવળકંરદાદા'ના હેતાળ નામથી લોક હૃદયમાં પ્રતિષ્ઠિત બનેલા અને સન ૧૯૩૭-૪૬ દરમિયાન આઝાદ ભારતની પ્રથમ સંસદના પ્રથમ અધ્યક્ષ ત્યાર બાદ ૧૯૫૨-૫૬ દરમિયાન લોકસભાના અધ્યક્ષ બનનાર ગણેશ વાસુદેવ માવળંકરનો ૧૨૫મો જન્મ દિવસ ૨૭મી નવેમ્બર-૨૦૧૨ના રોજ હોવાથી સવારના ૧૧ કલાકે વિધાનસભા બિલ્ડીંગમાં પ્રથમ માળે આવેલા પોડીયમમાં તેમના તૈલચિત્રને અધ્યક્ષ પુષ્પાંજલિ અર્પશે.

ઠક્કરબાપાના હુલામણા નામથી જાણીતા, ગાંધીજીના પ્રિયજન તથા હરિજનો અને આદિવાસીઓના ઉદ્ધારક એવા અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર સન ૧૯૧૪માં હિંદ સેવક સમાજના સભ્ય બન્યા, ૧૯૧૯ અને ૧૯૨૨માં ગુજરાત અને પંચમહાલના દુષ્કાળ વખતે આદિવાસીઓ માટે રાહત કામોમાં પરોવાયા, અખિલ હિન્દ હરિજન સેવક સંઘના મંત્રી અને બંધારણસભાના સભ્ય એવા ઠક્કર બાપાનો ૨૯મી નવેમ્બરે ૧૪૪મો જન્મ દિવસ હોવાથી સવારે ૧૧ કલાકે વિધાનસભા બિલ્ડીંગમાં પ્રથમ માળે પોડિયમમાં તેમના તૈલ ચિત્રને પુષ્પાંજલિ અર્પવામાં આવશે. બંધારણ સભાના પ્રમુખ અને સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તથા વકીલાત કરતાં કરતાં સન ૧૯૦૭થી દેશભક્તિના રંગે રંગાયેલા ડૉ. રાજેન્દ્ર પ્રસાદનો ૧૨૯મો જન્મ દિવસ તા. ૩જી ડિસેમ્બરે હોવાથી સવારે ૧૧ કલાકે વિધાનસભા બિલ્ડીંગમાં પ્રથમ માળે આવેલા પોડીયમમાં તેમના તૈલ ચિત્રને અધ્યક્ષ પુષ્પાંજલિ અર્પણ કરશે. ગુજરાતના આ મહાનુભાવોને પુષ્પાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સૌ દેશભક્તોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સમસ્ત મોચી સમાજનો જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતી દંઢાવ્ય વિભાગ જનક્ષત્રિય મોચી સમાજ સમુહ લગ્ન ટ્રસ્ટ દ્વારા લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી મેળો તા. ૨૦મી જાન્યુઆરીનાં રોજ ટાઉનહૉલ, ગાંધીનગરમાં યોજાશે, ૧૫મી ડિસેમ્બર સુધીમાં ફોર્મ ભરીને કનુભાઈ એસ. સોલંકી, મંત્રીશ્રી, પ્લોટ નં. ૯૭૮/૧, સેકટર-૨સી, ગાંધીનગર ખાતે મોકલી આપવા જણાવેલ છે.

આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટની સ્પર્ધામાં નાણા વિભાગની ટીમનો વિજય

ગાંધીનગર, તા. ૨૧

આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટની સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. વૈદ્યાનિક અને સંસદીય બાબતો વિભાગની ટીમ સામે નાણા વિભાગની ટીમે સુંદર પ્રદર્શન કરી ૭૧ રને વિજય મેળવ્યો હતો. મેન ઓફ ધી મેચ કમલેશ સોલંકી બન્યો હતો.

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધા તાજેતરમાં સેક્ટર-૨૧ જીમખાના મુકામે યોજાઈ હતી. મેચમાં નાણાં વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ લેતા ૩૦ ઓવરની મેચમાં ૧૫૪ રન કર્યા હતા. જેમાં બેટીંગમાં કમલેશ સોલંકી ૨૯ રન, ધવલ અગ્રાવત-૧૪ રન, હિતેષ ઠાકોર અને શૈલેષ પ્રજાપતિ-૧૩ રન અને ભરત ઠાકર ૪૫ રન નોટઆઉટ જેમાં મુખ્ય હતાં. અને બોલીંગમાં કમલેશ સોલંકી ૬ ઓવરમાં ૩ વિકેટ, શૈલેષ પ્રજાપતિ ૬ ઓવરમાં ૩ વિકેટ, ધવલ અગ્રાવત, હિતેષ ઠાકોર અને સંદિપ ચાવડાએ ૧ વિકેટ મેળવી હતી.

વૈદ્યાનિક અને સંસદિય બાબતોનો વિભાગ ૨૫.૧ ઓવરમાં ૯૪ રનમાં ઓલઆઉટ થતા, જેમાં બેટીંગમાં રાકેશ ચુડાસમા-૨૭ રન, મનહર રાઠોડ-૮ રન, રાજેશ વળવી-૭ રન મુખ્ય હતા. અને બોલીંગમાં મનહર રાઠોડ ૬ ઓવરમાં ૪ વિકેટ, રાજેશ વળવી ૪ ઓવરમાં ૨ વિકેટ, કેતન રૂપારેલીયા ૪ ઓવરમાં ૨ વિકેટ, જયેશ પવાર અને મયુર સોલંકી-૧-૧ વિકેટ મેળવી હતી.

નાણા વિભાગની ટીમનો ૭૧ રને ભવ્ય વિજય થયો હતો. નાણાં વિભાગની ટીમના મેનેજર દિનેશ બી. દાણીએ તેમજ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ટીમના ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૩

સૂર્યાસ્ત : ૬.૦૧

તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૧ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
જબ તક હૈ જાન : ૯.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૩૦

: સ્ક્રીન-૨ :
સન ઑફ સરદાર : ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૧૫
જબ તક હૈ જાન : ૧.૦૦, ૪.૧૫

: સ્ક્રીન-૩ :
સન ઑફ સરદાર : ૧૨.૦૦, ૬.૩૦
જબ તક હૈ જાન : ૩.૦૦, ૯.૧૫

: સ્ક્રીન-૪ :
સન ઑફ સરદાર : ૧૧.૩૦, ૫.૪૫
જબ તક હૈ જાન : ૨.૪૫, ૯.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જબ તક હૈ જાન : ૮.૩૦, ૩.૦૦, ૯.૩૦
સન ઑફ સરદાર : ૧૨.૧૫, ૬.૩૦

: સ્ક્રીન-૨ :
સન ઑફ સરદાર : ૮.૩૦, ૧૧.૧૫, ૫.૩૦
જબ તક હૈ જાન : ૨.૦૦, ૮.૩૦

: સ્ક્રીન-૩ :
સન ઑફ સરદાર : ૯.૧૫, ૩.૩૦, ૧૦.૧૫
જબ તક હૈ જાન : ૧૨.૦૦, ૬.૪૫

: સ્ક્રીન-૪ :
સન ઑફ સરદાર : ૭.૩૦, ૨.૩૦, ૯.૦૦
જબ તક હૈ જાન : ૧૦.૩૦, ૫.૩૦

સૂર્યા, વાવોલ

જબ તક હૈ જાન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રિત ન ભુલાય સાયબા: ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સન ઑફ સરદાર : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
જબ તક હૈ જાન : ૧૨.૧૫, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧૦.૦૦, ૧.૧૫, ૪.૩૦, ૭.૩૫, ૧૦.૪૫

વિરાગ, કલોલ

જબ તક હૈ જાન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

વૃષભ : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં પ્રગતિ થશે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

મિથુન : માનસિક શાંતિ જાળવી રાખવી. માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન - જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

કર્ક : સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

સિંહ : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

કન્યા : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

તુલા : કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી - વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય શુભ.

વૃશ્ચિક : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

ધન : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

મકર : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. આરોગ્યની કાળજી રાખવી. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય.

કુંભ : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

મીન : આવકના સ્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. બળવંતલાલ નાનાલાલ રાણા (ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૮૦/૨, સેકટર-૪/એ, ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન જોઈતારામ પ્રજાપતિ (ઉ.વ. ૮૫) મુ. નાદરી, પો. આમજા, તા. કલોલ, જિ. ગાંધીનગર.